DFA
olc

ક્રમાંક : જમન/૨૯-એ/બ/૧૨૦૧-૦૩/૧૪-૧૫

અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી
ગુજરાત રાજય

અરણ્યભવન, ચ-૩ સર્કલ નજીક
સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની સામે,
સેક્ટર-૧૦-એ, એ-વીંગ, ૩ જો માળ,
ગાંધીનગર તા :૨૬/૦૬/૨૦૧૫.

વિષય:- ડાયવર્ઝન ઓફ ૪.૨૦૩૦ હેક્ટર ઓફ રીઝર્વ ફોરેસ્ટ લેન્ડ ફોર લેઇંગ ઓફ ૬૬ કે.વી.એસ.સી સવદાસ મુવાડા ટુ રજાયતા એચ-ફેર્મ લાઇન વીથ એ.સીએસ.આર પેન્થર કન્ડક્ટર એટ મોરવા હડફ એન્ડ સંતરામપુર, ડીસ્ટ્રીક્ટ પંચમહાલ એન્ડ મહીસાગર ઇન ફેવર ઓફ ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ (જેટકો), જાંબુવા.

સંદર્ભ:- મુખ્ય વન સંરક્ષકશ્રી,વન વર્તુળ વડોદરાનાપત્ર ક્રમાંક:
જમન/૫૨૬૩/૫/અ/૭૦૧-૦૨, તા.૦૯/૦૬/૨૦૧૫.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ-૧ દર્શિત આપના પત્રથી વસંધા, ૧૯૮૦ હેઠળની દરખાસ્ત અત્રે સાદર કરવામાં આવેલ છે. જેથી નીચેના મુદ્દાઓની પૂર્તતા કરી દરખાસ્ત સાથે અત્રે અહેવાલ સાદર કરવા વિનંતી છે. આ સાથે જરૂરી પૂર્તતા સારૂ અસલ દરખાસ્ત ચારપ્રતમાં પરત કરવામાં આવે છે.

(૧) પ્રસ્તુત દરખાસ્ત ઓન લાઇન એન્ટ્રીમાં ડીવીઝન કક્ષાએ પાર્ટ-૨ ને બદલે ફોરવર્ડીંગ લેટર અપલોડ કરેલ છે જેથી પાર્ટ-૨ અપલોડ કરવાનું રહેશે. જ્યારે વર્તુળ કક્ષાએ થી પાર્ટ-૩ અપલોડ કરેલ નથી, જેથી પાર્ટ-૩ અપલોડ કરવાનું રહેશે.

(૨) પ્રસ્તુત પ્રોજેક્ટનું અભ્યારણ્યથી અંતર દર્શાવતુ પ્રમાણપત્ર અન્ય કોઇ નેચરલ ગેસ પાઇપ લાઇનની દરખાસ્તનું સામેલ રાખેલ છે અને અભ્યારણ્ય/ નેશનલપાર્કનું નામ પણ દર્શાવેલ નથી. જેથી પ્રસ્તુત દરખાસ્ત માટે યોગ્ય પ્રમાણપત્ર દરખાસ્તમાં સામેલ રાખવાનું રહેશે.

(3) દરખાસ્તમાં કાપવાના થતા વૃક્ષોની સંખ્યા ૫૪૪ દર્શાવેલ છે, જે ખરેખર વધુ પ્રમાણમાં કહી શકાય. વિકાસની સાથે સાથે પર્યાવરણની સમતુલા જળવાઇ રહે તે પણ જરૂરી છે. જેથી શક્ય હોય તેટલા વધુ માં વધુ વૃક્ષો બચાવવા નાયબ વન સંરક્ષકશ્રીએ જોઇન્ટ ઇનસપેક્શન કરી અને જરૂરી હોય તો ટ્રાન્સમીશન લાઇનના એલાઇનમેન્ટમાં જરૂરી ફેરફાર કરી અત્રે અહેવાલ સાદર



Endt. 2012
26-6-15

કરવાનો રહેશે તેમ્જ કાપવાના થતા વૃક્ષો પૈકી કેટલા વૃક્ષો ટ્રાન્સપ્લાન્ટ કરી બચાવી શકાશે તે પણ દર્શવવાનું રહેશે.

(૪) દરખાસ્તમાં માગણી વાળા વિસ્તારની ગેઝેટની નકલ પણ દરખાસ્તમાં સામેલ રાખવામાં આવેલ નથી, જેથી ગેઝેટની નકલ સામેલ રાખવાની રહેશે.

(૫) દરખાસ્તમાં રીક્લેમેશન પ્લાન દર્શાવતુ પ્રમાણપત્ર સામેલ નથી, જેથી સામેલ રાખવાનું રહેશે.

(૬) દરખાસ્તમાં પાન નં ૩૧ પછી સીધા પાન નં-૪૭ સામેલ છે જેથી દરખાસ્તમાં ક્રમાનુસાર પાન નં આપવાના રહેશે.

( અક્ષય કે. સક્સેના )
અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
જમીન
ગુજરાત રાજય, ગાંધીનગર.

પ્રતિ,

મુખ્ય વન સંરક્ષકશ્રી,
વન વર્તુળ, વડોદરા.

નકલ રવાના: નાયબ વન સંરક્ષકશ્રી, ગોધરા તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારુ

નકલ જય ભારત સહ રવાના: કાયપાલક ઇજનેરશ્રી, (કન્સ્ટ્રક્શન), કન્સ્ટ્રક્શન ડીવીઝન, જેટ્કો, જાંબુવા, વડોદરા. તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારુ